## આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : કલ્પના શાહ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૦૬–૧૦–૨૦૨૩** **સમય : સાંજે ૬.૨૫**

---

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના :

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે 6,000 રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ રકમ ખેડૂતોના ખાતામાં 4 મહિનાના અંતરે 2-2 હજાર રૂપિયાના 3 હપ્તામાં મોકલવામાં આવે છે કચ્છમાં 1 લાખ 39 હજાર ખેડૂતો છે જે પૈકી 1 લાખ 5 હજાર 200 જેટલા ખેડૂતોની કેવાયસી થઈ ચૂકી છે જ્યારે હજુ ત્રીસ હજારથી વધુ ખેડૂતોની કેવાયસી પ્રક્રિયા બાકી છે ત્યારે જે ખેડૂતોની કેવાયસી પ્રક્રિયા બાકી હોય તે ખેડૂતોનો 15 મો હપ્તો જમા થશે નહીં. કેવાયસી જલ્દી પૂર્ણ કરી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ જણાવ્યું હતું.

બાઇટ : કિરણસિંહ

**પરેશ મારૂ**

---

## સંકલ્પ સપ્તાહ ઉજવણી :

રાપર ખાતે જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા "International Year Of Millet-2023" મિલેટ ડેવલપમેન્ટ" યોજના અંતર્ગત આજે ખેડૂતો મિલેટસનું વાવેતર વિસ્તાર વધારવા પ્રેરણા મળે અને મૂલ્યવર્ધન કરી પોતાની આવકમાં વધારો કરે તે હેતુથી "International Year Of Millet-2023" તાલુકાકક્ષાનો કૃષિ મેળા અને સંકલ્પ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી .

"તાલુકા કક્ષાનો કૃષિ મેળા અને સંકલ્પ સપ્તાહની ઉજવણી" કાર્યક્રમમાં રાપર તાલુકાનાં ખેતી કરતા ખેડૂતોને ખેતી અંતર્ગત માહિતી તેમજ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલી નવી ટેકનૉલોજી તથા નવી પાકની જાતો અંગે માર્ગદર્શન અપાયું હતું.

**પરેશ મારૂ**

---

## વન્યપ્રાણી સપ્તાહ :

વન્યપ્રાણી સપ્તાહ ૨૦૨૩ ઉજવણી અંતર્ગત પૂર્વ વન વિભાગ દ્વારા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વ ર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે જિલ્લાના વિવિધ વન વિભાગના નાયબ વન સંરક્ષક અને કચ્છ યુનિવર્સિટી ના પરીક્ષા નિયંત્રક અને વ્યાખ્યાતાઓ તેમજ વિદ્યાર્થીઓની હાજરીમાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર વામાં આવ્યું હતું.

આકાર્યક્રમમાં શરૂઆત દીપ પ્રાગટ્યથી કર્યા બાદ વન વિભાગમાં ફરજ બજાવતા વનપાલ ઓ મદેવસિંહ જાડેજાએ તેમના કાર્યક્ષેત્રનો અનુભવ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યો હતો. જાણીતા પક્ષીવિદ નવીન બાપટે વિદ્યાર્થીઓને વન્યપ્રાણી અને કચ્છની જૈવ વિવિધતાથી માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં વન્યપ્રાણી રક્ષણ અને સંવર્ધન પ્રત્યે જાગૃતિ કેળવવા સંદેશ પાઠવ્યા હતા.

ત્યારબાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રશ્ન સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધામાં તથા વન્યપ્રાણીઓની ઓળખ સાથે સમજમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો . સ્પર્ધાને અંતે નાયબ વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા.

**પરેશ મારૂ**

---

## પદયાત્રી કેમ્પ :

નવરાત્રીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આ વખતે મોટી સંખ્યામાં પદયાત્રીઓ મા મઢવાળીના દર્શને ઉમટી પડશે તેવો અંદાજ છે. ગયા વર્ષ કરતા આ વખતે પદયાત્રીઓની સંખ્યામાં વધારો થવાની સંભાવનાને પગલે પદયાત્રીકોને આવકારવા માટે સેવા કેમ્પો શરૂ કરવાની તૈયારીઓ આરંભી દેવાઇ છે. કચ્છના પ્રવેશદ્વાર સૂરજબારી પાસે માતાનામઢના પદયાત્રીઓ માટેનો કેમ્પ શરૂ થઇ ગયો છે તો આવનારા દિવસોમાં પૂર્વ કચ્છથી માતાનામઢ સુધીના રસ્તામાં અનેક સેવા કેમ્પો બંધાશે. આ કેમ્પોમાં ચા-નાસ્તો, ભોજન, આરામ સહિતની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવનાર છે.

તો બીજી તરફ આવનાર પદયાત્રીઓને ધ્યાને લઈ જિલ્લાના એસ.ટી વિભાગ દવારા શ્રાધ્ધ પક્ષ ના અંતિમ દિવસોથી ખાસ વધારાની બસોની ફાળવણી કરાઈ છે. જે મુજબ ૧૧ મી થી ૨૨ મી ઓકટોબર સુધી ભુજથી માતાના મઢ વચ્ચે ૨૦૦ જેટલી વધારાની બસો દોડાવવામાં આવશે. જે પૈકીની ૬૦ જેટલી બ સોની વ્યવસ્થા જિલ્લા બહાર ના ડેપો પરથી કરાઈ છે. જેથી લોકલ રૂટને કોઈ અસર ન થાય અને યાત્રાળુ ઓની સુવિધા જાળવી શકાય.

**પરેશ મારૂ**

---

---